સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

છે યુગોની વેદના, એમાં, કાયદાનું કામ નથી,
સમાનતાની સમજમાં, કાયદાનું કામ નથી.
માનસ બદલવું પ્રજાનું - કાયદાનું કામ નથી,
ઉંચ-નીચના ખોટા ખ્યાલમાં, કાયદાનું કામ નથી
(સુપ્રીમ ચૂકાદાનો વિરોધ)

હાઈકુ

દિ' ઉગે નવી,
'આપદા' તો આવશે -
તાલીમ લે લ્યો !!
(સરકારી અભિમાન)

કરે ડોકિયાં,
કોર્ટ દ્વારા એન્કૉંડા -
છૂપો એજન્ડા
(દલિત સમાજની ચિંતા)

ચિંતન

સાહેબ કે દરબાર મેં, કયાં કર પાવે દાદ ?
પહેલે કામ બુરા કરે, બાદ કરે ફર્યાદ !

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કરણી તેવી ભરણી વિશે સમજાવ્યા પછી કબીર પોતાને સુખ-શાંતિ નથી મળ્યા એવી ફરિયાદ કરતાં રહેતા મનુષ્યને કહે છે કે 'હે મૂર્ખ ! તું પરમાત્માને શું જોઈ ફરિયાદ કરે છે ? શું તું નથી જાણતો કે તેં કેવા કર્મો કર્યા છે ? પહેલાં બૂરાં કામ કરતા પાછા વળીને કદી જોયું નથી ને હવે શું મોઢું ઈને ઈશ્વરને ફરિયાદ કરે છે ?

પરમાત્માને ત્યાં તો ઈન્સાફ જ છે. દરેકને તેના કર્મોનું ફળ મળવાનું જ છે. તારા કર્મોને લીધે તારી શક્તિ મરી ગઈ છે. તેથી પાછળા તેં કરેલાં કર્મો સાથે આજનાં તને મળતાં ફળનો જે સુક્ષ્મ અને સળંગ તાર જોડાયેલો છે તે તું જોઈ કે સમજી શકતો નથી એટલે તે માટે પ્રભુને દોષી ગણી તું ફરિયાદ કરે છે.

સુવિચાર

- જો પ્રેમનો પતંગ ઊંચે ને ઊંચે ચઢતો જાય તો જ જિંદગી મોજ મસ્તીસભર બની જાય છે - **શાહબુદ્ધિન રાઠોડ**
- અમારા હૃદયમાં વાસ કરીને, હે શ્રદ્ધા !! તું અમને શ્રદ્ધામય બનાવ - **યજુર્વેદ**
- જ્ઞાનનો સાચો અર્થ છે ભીતરની આંખો, સામાને જોવાની ક્ષમતા, તમારા આંધળાપણાને કારણે તમે દુ:ખી થાવ છો, પછી જીવનમાં કોઈ દુ:ખ નથી રહેતું, સદા આનંદ રહે છે - **ઓશો**
- સ્ત્રીને મને પતિસ્નેહ કરતાં વિશ્વબ્રહ્માંડ પણ વધારે નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- સિદ્ધિને જો તાબે થઈ જશો તો પ્રભુ મિલનમાં તે સિદ્ધિ વિઘ્નરૂપ નીવડી શકે છે - **ડોંગરેજી મહારાજ**
- વ્યર્થ શાસ્ત્રચર્યા કરતાં સાચાં ધ્યેથી થયેલું નાનું સેવાનું કામ તમને ઈશ્વરની વધારે નજીક લાવશે, સેવા ધર્મનું પ્રથમ સોપાન છે - **વિવેકાનંદ**
- આજનું ઔષધ : જીરાનું ચૂર્ણ રોજ ફાકવાથી આંખની ગરમી ઓછી થાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગુજરાતી અભિનેતા દર્શન જરીવાલાને પત્રકારે પૂછ્યું, 'આટલી સફળતા મેળવ્યા પછી અત્યારે તમે શું ફીલ કરો છો?' દર્શનભાઈએ અદભૂત જવાબ આપ્યો, 'અભિનય ને કારણે હું ફેન્ટસીમાં જીવી શકું છું એનો મને વિશેષ આનંદ છે. વાસ્તવિક જીવનમાં હું જે બની શક્યો નથી એવું જીવવાની તક મને અભિનયકલાને કારણે મળી છે. હું પોલીસ - ઈન્સ્પેકટર નથી છતાં એ રોલ મેં કર્યો છે. હું શ્રીમંત નથી છતાં અતિ શ્રીમંતાઈનો ઠાઠ મેં માણ્યો છે. મેં કદીયે કોઈનું ખૂન કર્યું નથી છતાં એક ખૂની તરીકે થોડાક - દિવસો મેં અનુભવ્યા છે. ક્યારેક હું ડૉકટર બનું છું તો ક્યારે વકીલ તો ક્યારેક જજ, ક્યારેક સાવ મુફસિલ ભિખારી બન્યો છું, તો ક્યારેક મહાન સંત પણ બન્યો છું. તો ક્યારેક ગાંધી બાપુ પણ બની ચૂક્યો છું, આવી ફેન્ટસી મને કદાચ બીજા કોઈ ફીલ્ડમાં ન મળી હોત.'

તેમણે આગળ કહ્યું, 'આવી ફેન્ટસી જીવનના અવનવા સ્વાદ ચખાડે છે. ભલે ને લોકો કહે કે આવું દિવાસ્વપ્ન તો નર્યું જૂઠાણું છે. પણ એથી શું ? જો જૂઠાણું આપણને થોડીક વાર માટે અપાર આનંદ આપતું હોય અને હતાશાની ક્ષણોમાં ઉત્સાહનો ઑક્સિજન આપીને જીવડાતું હોય તો એ જૂઠાણું મારે મન સત્યથી જરાય ઊતરતું નથી.'

શોષિત - વંચિત સમાજના સંરક્ષણની જાળવણી

તંત્રીસ્થાનેથી...

કેન્દ્ર સરકારે એસ.ટી. એસ.સી. ઍક્ટના નવા સ્વરુપ પર મારેલ 'સ્ટે' સુપ્રીમ કોર્ટે મંજૂર રાખેલ નથી. એટલું જ નહીં, એ મુદ્દે ફેર વિચારણા પણ તાત્કાલિક હાથ ધરવાની ના ભણી દીધી છે. દસ દિવસ પછી એ મુદ્દે ચર્ચા કરવાની તૈયારી દર્શાવતાં સુપ્રીમ કોર્ટે નોંધ્યું છે કે આ વિશિષ્ટ કાનૂનમાં જે સુધારા સૂચવાયા છે તેમાં નિર્દોષ લોકોને બિનજરૂરી હેરાનગતી અટકાવવાનો જ આશય છે. એની મૂળ જોગવાઈઓ મુજબ કાયદામાં જે કડકાઈ છે તે જોવાની નૈતિક જવાબદારી પણ અદાલતની છે. એમને એ અધિકારથી વંચિત ન રાખી શકાય. આમ અદાલતે પોતાનું વલણ સાચું, વહેવારું અને બંધારણે માનવીને - નાગરિકને આપેલ મૂળભૂત અધિકારોના રક્ષણની જવાબદારી અદા કરવાનું હોવાનું જણાવી પ્રતિપાદિત કર્યું છે. હવે સરકાર માટે ભારે અવઢવ ઊભી થઈ છે. એક તરફ નિર્દોષ નાગરિકોને આ ઍક્ટની જોગવાઈઓથી પડતી હાલાકી દૂર કરવા સુપ્રીમ કોર્ટે લીધેલું પગલું એસ.ટી.-ઍસ.ટી. સિવાયની પ્રજાને રાહતરૂપ લાગી રહ્યું છે તો સામા પક્ષે અનુસૂચિત વર્ગોએ આ મુદ્દે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી કેન્દ્ર સરકારને વધુ ઉગ્ર આંદોલનની ધમકી આપી છે. ગુજરાતના દલિત નેતા જિગ્નેશ મેવાણી એ તો ૧૪ એપ્રિલ, ૨૦૧૮ અર્થાત ડૉ. બાબાસાહેબ આંબેડકરના આગામી સપ્તાહમાં આવનાર જન્મદિવસ સુધીમાં એસ.સી - એસ.સી. કાયદામાં અદાલત દ્વારા કરાયેલ સુધારા રદ કરવાની ચીમકી આપી છે. જો એમ નહીં થાય તો તેઓએ અન્ય સમાજના આગેવાનોને આંબેડકરની પ્રતિમાને અડકવા સુધ્ધાં નહીં દેવાની પ્રતિજ્ઞા કરી છે. દેશમાં 'ભારત બંધ' પ્રસંગે અને તે પછી બનેલી ઘટનાઓ ખૂબ જ ચિંતાપ્રેરક છે. રાજસ્થઆનમાં ભાજપના વર્તમાન ધારાસભ્ય અને કોંગ્રેસના ભૂતપૂર્વ ધારાસભ્યનું મકાન સળગાવી દેવાયું છે. એસ.ટી., એસ.સી. વર્ગો દ્વારા પોતાના રક્ષણ માટેનો કાયદો હળવો કરવાનું શાસક પક્ષ કાવતરું કરી રહ્યો હોય એવો સ્પષ્ટ આક્ષેપ કરાયો છે. કોંગ્રેસ સહિતનાં ડાબેરી વિચારસરણી ધરાવતાં રાજકીય પરિબળો આ મુદ્દાને આગામી લોકસભાની ચૂંટણીમાં વટાવી ખાવાની કોશિશ કરશે તો સામા પક્ષે ભારતીય જનતા પાર્ટીને એસ.ટી. એસ.સી. વર્ગો સિવાયના લોકોની વણમાગી સહાનુભૂતિ સાંપડશે. અદાલત એના સ્ટેન્ડ પર અડગ રહેશે તો બનવાજોગ કે અનૂસૂચિત જાતિ - જનજાતિના કાર્યકરો અદાલત સામે રસ્તામાં ઊતરીને દેશમાં અત્યાર સુધી જળવાતી રહેતી ન્યાયપાલિકાની ગરિમાને અને મલાજાને હાનિ પહોંચાડી પોતાની તાકાતનું પ્રદર્શન કરશે. આવું કંઈ થાય તે પહેલાં સરકાર અને વિપક્ષોએ સમાધાનકારી ઉકેલ શોધવો જરૂરી છે.

ગોખરૂં : કિડની, પથરી અને પ્રોસ્ટેટ માટે

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

ઉનાળા દરમિયાન પિત્ત અને એસિડીટી જેવા રોગો વધતા હોય છે. તડકો લાગવાથી ખૂબ પરસેવો વળે તેમા વળી પાણી ઓછું પીવામાં આવે એટલે મૂત્રપ્રવૃત્તિ ઓછી થાય અને એ કારણે પછી ઉનવા કે કષ્ટમૂત્રતા આદિ તકલીફો થાય. જ્યારે મૂત્રપ્રવૃત્તિ ઓછી થાય ત્યારે પિત્ત પણ વધે. આમ આ ચક્કર ચાલ્યા કરે.

આયુર્વેદમાં મૂત્રમાર્ગના રોગો માટે ઘણા ઔષધો કહેલ છે. આ બધા ઔષધોમાં શ્રેષ્ઠ કહી શકાય તો તે છે ગોખરૂં. ખૂબ જાણીતી વનસ્પતિ ગોખરૂંના બે પ્રકારો છે. એક છે ઉભા ગોખરૂં અને બીજા બેઠ ગોખરૂં. આપણા ગુજરાત પ્રાંતમાં ગોખરૂં ખૂબ થાય છે. ગામડાના લોકો તો તરત જ ઓળખી બતાવે. ગોખરૂંના પીળા ફૂલ થાય છે અને તેના નાના ફળ પર ત્રણ કે પાંચ કાંટા હોય છે. સંસ્કૃતમાં ગોખરૂંને ગોક્ષુર, સ્વાદુકંટક, ત્રિકંટક, ચણદ્રુમ, અને શ્વદંષ્ટ્રા કહે છે. ગોખરૂંનું લેટીન નામ 'ટ્રીબ્યુલસ ટેરીસ્ટ્રીસ' છે.

ગોખરૂંના ગુણોની વાત કરીએ તો આયુર્વેદના ભાવપ્રકાશ ગ્રંથમાં ગોખરૂંને પ્રકૃતિમાં ઠંડુ, સ્વાદે મધુર તેમજ ભુખ લગાડનાર અને પાચન કરનાર કહ્યું છે. ગોખરૂં બળદાયક છે. ગોખરૂં શરીરને પુષ્ટ કરે છે અને જાતીય શક્તિ વધારે છે. ગોખરૂં રસાયણ ઔષધ છે. ગોખરૂં પથરી, પ્રમેહ, મૂત્રના રોગો, ઉધરસ,દાહ અને શૂળને દૂર કરે છે. ગોખરૂં મૂત્રલ છે. એટલેકે ગોખરૂં લેવાથી મૂત્રપ્રવૃત્તિ અને મૂત્રવેગ વધે છે. એટલે જે લોકોને (ખાસ કરીને ઉનાળાને કારણે) મૂત્ર ઓછું આવતું હોય કે બળપૂર્વક આવતું હોય કે મૂત્રપ્રવૃત્તિ વખતે દાહ કે શૂળ થતા હોય તેવા લોકો માટે ગોખરૂં એક ઉત્તમ ઔષધની ગરજ સારે છે.

ગોખરૂં ઠંડુ અને મૂત્રલ હોવાથી પિત્તના લગભગ દરેક રોગોમાં અસરકારક છે. રક્તપિત્તમાં (પેશાબ કે શરીરના કોઈ પણ ભાગ વાટે લોહી પડવું) ગોખરૂં ખૂબ અસરકારક છે. ગોખરૂં કિડની માટે પણ હિતકર છે. રીનલ ફેલ્યોર (કિડનીની અસમર્થતા) કે જેમા ક્રીએટીનીનનું લેવલ ખૂબ વધી જતું હોય છે તેમા ગોખરૂં ખૂબ અસરકારક છે. ગોખરૂં કિડનીના રકતપ્રવાહને વધારતું હોવાથી હૃદય માટે પણ ફાયદાકર છે.

આ ઉપરાંત ગીકારૂ પથરી અને પ્રોસ્ટેટ બંને માં લાભદાયક છે. પથરીમા ગોખરૂ અને સાટોડીનો ઉકાળો શ્રેષ્ઠ ઔષધની ગરજ સારે છે. ગોખરૂં જાતીય રોગોમાં ખૂબ અસરકારક છે. તે નપુંસકતાને દૂર કરે છે. ગોખરૂં શ્રેષ્ઠ પ્રજાસ્થાપક છે. મહર્ષિ સુશ્રુતે ગર્ભિણીને છઠ્ઠા મહિનામાં ગર્ભપાત ન થાય એ માટે ગોખરૂં લેવાની સલાહ આપી છે.

આયુર્વેદના શ્રેષ્ઠ ઔષધોમાંના એક એવા ગોખરૂંના અનેક ઉપયોગો છે. આજના ખોરાક અને લાઈફસ્ટાઈલને જોતા લગભગ દરેક વ્યક્તિ પાચન અને પિત્તને લગતા રોગોનો ભોગ બને છે. આ બન્ને પ્રકારના રોગોમાં ગોખરૂં ઉત્તમ ઔષધ છે. મૂત્રપ્રવૃત્તિને વધારીને ગોખરૂં આપણી યુરીનરી સિસ્ટમને મજબૂત બનાવે છે. નાની મોટી પથરીઓ તો ખાલી ગોખરૂંના ઉકાળા લેવાથી જ નીકળી જાય છે. જો યોગ્ય પ્રમાણમાં લેવામાં આવે તો ગોખરૂંની કોઈ આડસર પણ નથી. જો કે, ઉપયોગ કરતા પહેલા ચિકિત્સકની સલાહ લેવી જરૂરી છે.

- contact@atharvaayu.com

જય પશુપતિનાથા, પ્રભુ જય પશુપતિનાથા

મનના ઉમંગો
રણછોડ પરમાર

દિવાળીની મીઠાઈઓ અને નાસ્તા ખતમ થવાના એ દિવસો હતા. એવા એક દિવસે રાજુભાઈને ત્યાં શ્રી મધુમામા સાથે એક ભાઈ સાથે આવેલા. એ લોકો થોડીવાર બેઠા હશે ત્યાં રાજુભાઈએ મને બૂમ પાડી. હું ત્યાં ગયો તો જાણવા મળ્યું કે પેલા સાથે આવનાર રમેશભાઈ સોની નેપાળની જાત્રા માટે માણસો શોધવા નીકળ્યા છે. સોનીભાઈના મોંઢે પ્રવાસની ઘણી વાતો સાંભળી.પંદર દિવસનો પ્રવાસ હતો. અઢાર હજારનું પેકેજ હતું. રેલવેની ટિકિટ આપણા માથે. બીજા નાકાવેરા અને વાહનના ખર્ચા આયોજક ભોગવવાના હતા.મને રામેશ્વર અને ચાર ધામ જવાની અદમ્ય ઈચ્છા પણ નેપાળ જવાનું તો સ્વપ્નમાંય કલ્પેલું નહીં.એટલે કશું નક્કી કહ્યા વગર હું ઘેર પાછો આવ્યો. પારવતીને પૂછ્યું. સદાકાળ નક્કારો કરવા ટેવાયેલી પાર્વતીએ ખબર નહીં પણ હા પાડી. એને ત્યાંની દુર્ગમ મુસાફરીનો કશો ખ્યાલ નહીં. એક દૂર દેશ જવાનું છે. કેટલું દૂર છે એની કોઇ જાણકારી નહીં. આ બધું જાણતી હોત તો ભાગ્યે જ હા પાડી શકી હોત.

પહેલું વિઘ્ન એના પક્ષે જ આવ્યું. એને નવેમ્બરમાં એટેક આવ્યો. એંજ્યોગ્રાફી કરતા જાણવા મળ્યું કે એક નળી બ્લોક છે. સ્ટેંડ મૂકાવ્યું. અમારી પ્રવાસ ઝંખનામાં થોડીક નરમાશ આવી ગઈ. પણ હજુ ત્રણ મહીનાની વાર છે. ત્યાં લગી તો સારું થઈ જશે એમ વિચારી નામ રદ કરાવ્યા નહીં. દિવસોને જતાં ક્યાં વાર લાગે છે ? પ્રવાસના ત્રણ દિવસ બાકી હતા ત્યારે ડોક્ટર પાસે જઈ આવ્યા. ડોક્ટરે લીલી ઝંડી આપી. પાછા વળતાં પ્રવાસ માટે અમે ખાખરા અને બિસ્કિટ લઈને આવ્યા. બે દિવસ પ્રવાસનો સામાન તૈયાર કર્યો અને તારીખ પહેલી ફેબ્રુઆરીની બપોરે બાર વાગ્યે અમે " અંબે માતની જય" બોલી પ્રથમવાર કોઇ બીજા દેશની મુલાકાતે જવા નીકળી પડ્યા બીજી તારીખની સાંજે બરાબર અંધારું ઉતર્યા પછી અલ્હાબાદના સ્વામીનારાયણ મંદિરમાં પહોંચી ગયા.ત્રીજા દિવસની સવારે ચિત્રકુટ દર્શનનો કાર્યક્રમ હતો. ચોથા દિવસે ત્રિવેણી સંગમમાં નહાવાનું ગોઠવેલું હતું. બપોરે જમ્યા પછી નેપાળની બોર્ડરે જવાનું નક્કી થયું હતું. રસ્તે જતાં જતાં જ સીતામઢીના દર્શનનું એકાએક ગોઠવાયું.સાંજનું જમવાનું ખોરવાયું. માર્ગમાં એક જગ્યાએ સમોસા અને ચાથી ચલાવી લેવું પડ્યું. એક વસ્તુ સ્વીકારવી પડે કે સમોસા બહુ સ્વાદિષ્ટ હતા અને ચા તો સમગ્ર પ્રવાસમાં પીવા મળેલી સૌથી ઉત્તમ ચા હતી.તારીખ પાંચમીએ બોર્ડર પરની હોટલમાં રોકાઈને સવારે છ ના સુમારે બસમાં બેસી ગયા તે રાતે લગભગ દસ વાગ્યે સંઘ કાઠમંડુ પહોંચી શક્યો. રસ્તામાં પૂરા પાંચ કલાક રસ્તો બંધ કર્યો હોવાથી ત્રિશૂલા નદીના કાંઠે ના છૂટકે રોકાવું પડ્યું. ત્યાં મગ ,પૂરી અને ગાજરનું કચુંબર ખાવા મળ્યા.

તા-૬/૨/૨૦૧૮ ની રાતે અમે કાઠમંડુ પહોંચી ગયા હતા.કદાચ રાતે ખીચડી-કઢી અને ભાખરી ખાધા હતા. ભાખરી ખાવાની શેમાં એવો મુદો ઉઠાવી પાંચ છ જણાએ ખાસ શાક બનાવરાવ્યું હતું. જે આરોગીને રાતે સૂઈ ગયા. તા-૭/૨/૨૦૧૮ની સવારે, મને વહેલા ઊઠી જવાની ટેવ એટલે હું તો નાહી ધોઈ તૈયાર થઈ આંટો મારવા નીકળી પડ્યો. કોઈને પૂછ્યાગાછ્યા વગર ચાલવા માંડેલો એટલે થોડોક સીધે રસ્તે આગળ પહોંચી ગયો. એક ભાઈને પૂછ્યા પછી પાછા વળવું પડ્યું. ફરી એક વાર સીધે રસ્તે ચાલ્યો જાત પણ અમારી લકઝરીનો ડ્રાયવર મને જોઇ ગયો. એણે મને ખરો રસ્તો બતાવ્યો. છેક મંદિરના પાછલા દ્વાર સુધી પહોંચી ગયો. પાંચ-સાત માણસો આંટા મારતા હતા.વાઘમતી નદીના કાંઠે હું જઈ પહોંચ્યો હતો. કાકા સાહેબના પુસ્તકમાંથી મેં આ નામ જાણેલું હતું. નામ સરસ છે પણ પાણી બહુ જ ગંદુ હતું.(મારા મહાન ભારતની કઈ નદીનું પાણી સ્વચ્છ હશે ?) મંદિરના દરવાજા સાડા નવ વાગ્યે ખુલવાના હતા એ વાત અમે હોટલમાં જાણી હતી.એટલે આજુબાજુનો નજારો જોઇ હું પાછો વળ્યો. ક્યાંક મોટા કડાયામાં જલેબી તળાતી હોય તો આરોગવાનો મલિન ઈરાદો લઈને નીકળ્યો હતો એટલે આજુબાજુના નજારાના ફોટા ખેંચવાનું યાદ જ ના આવ્યું. હવે પસ્તાવો કર્યે શું વળવાનું ?

સાડા નવે બધા તૈયાર થઈ નીકળી પડ્યા. ભાવિક ભક્તોએ પહેલા અભિષેક વિધિ કરવાનું ઠરાવ્યું હતું. બધાએ ખુબ પ્રેમભાવથી વિધિ પૂર્ણ કરી. વિધિ પતે એ પહેલાં અંદર જવાના દરવાજા બંધ થઈ ગયા હતા. એક બારી ખુલ્લી હતી એમાંથી પશુપતિનાથના દર્શન કર્યા. મારે કબૂલ કરવું જોઈએ કે મને બરાબર સ્પષ્ટ મૂર્તિ દેખાઈ ન હતી. પણ પાર્વતી ખુબ સંતુષ્ટ હતી. એની શ્રી પશુપતિનાથના દર્શન કરવાની અદમ્ય ઈચ્છા પૂર્ણ થઈ હતી.ગેસ્ટહાઉસથી મંદિર સુધી વાહનની કોઇ વ્યવસ્થા ના હોવાથી બધા ચાલતા આવ્યા ને ચાલતાં જ પાછા જવું પડ્યું. ગેસ્ટહાઉસ પહોંચ્યા ત્યારે જમવાનું તૈયાર હતું.

બપોરે દાળ-ભાત -લાડુ-શાક વગેરે જમ્યા પછી સાઈટ સીઈંગમાં ભુવનેશ્વરી માતા ને જળ પર સૂતેલા વિષ્ણુના મંદિરોનાં દર્શન કર્યા. શ્રી ગૌતમ બુધ્ધનો સ્તુપ થોડાક ઈતિહાસપ્રેમીઓએ બહુ ભાવથી જોયો.બાકીના બસમાં બેસી રહ્યા. અહીં લોકોને ચાઈના માર્કેટ ખાસ બતાવવામાં આવે છે. મોટા મૉલના રસિયાઓએ બહુ રસથી અનેક દુકાનોની મુલાકાત લાધી. અમે એક આંટો મારી નિરાંતે બહારના ગલ્લે ચા પીવા પહોંચી ગયા.

સાંજે કોઇ કાર્યક્રમ ન હતો. મારે કોઇ ખરીદી કરવાની હતી નહીં. એટલે હું ફરી મુખ્ય મંદિરે ગયો. ચારે બાજુ સ્થાપેલી બધી મૂર્તિઓ જોઈ.મંદિરની સામે વાઘમતી નદી વહે છે. નદીમાં બાળવા આવેલા મૃતદેહો જોયા. સવારે પણ ત્રણચાર શબ જોવાં પડ્યાં હતાં. આ લોકો આખી નનામી ફૂલોથી ઢાંકી દે છે અને છાતી ઉપર એક મોટો ગજરો ગોઠવે છે. પહેલા નદીમાં એના અંગને બોળે છે પછી અંતિમ વિધિ માટે લઈ જવામાં આવે છે.આંટા મારતા જાણવા મળ્યું કે છ વાગ્યે દરવાજા ખોલવામાં આવશે. હું તો મંદિરના પગથિયે શાંતિથી બેઠો અને દ્વાર ઉઘડવાની રાહ જોવા માંડ્યો. બહુ કંટાળો આવે એવી ઘડીઓ હતી. પણ આટલે આવ્યો છું અને બરાબર દર્શન કરવા ના મળે તો એક વસવસો મનમાં રહી જશે એવું થતું હતું. મારી સાંજની પ્રાર્થના સમરતો બેસી રહ્યો. છ વાગ્યા છતાં બારણાં ખુલ્યાં નહીં. ચિંતા થવા માંડી કે બધા મારી રાહ જોતાં હશે. જો કે જમવામાં છેલ્લો પડવાની શક્યતા ન હતી કારણકે જમવાનું કાયમ મોડું જ થતું હતું.આખરે સવા છ વાગ્યે દ્વાર ઉઘડ્યાં. અપૂર્વ ભક્તિભાવથી બધા બારીમાંથી અંદર પ્રવેશ્યા. વાહ ! શું અદભૂત દર્શન ! આખી મૂર્તિ એકદમ સ્પષ્ટ દેખાતી હતી. બારીની સામે મોટો ફોકસ ચાલુ કરવામાં આવ્યો હતો. એના તેજમાં આખી મૂર્તિ ચમકી રહી હતી.દર્શન કરતાં જ ચિત્ત ઝણઝણી ઉઠ્યું. હૃદય હળવું ફૂલ થઈ ગયું. જીવનનો કેટલોયે મોટો ભાર કોઈએ માથા પરથી ઉતારી લીધો હોય એવું લાગ્યું. હું બહુ ધાર્મિક કે અતિ શ્રધ્ધાળુ માણસ નથી છતાં આવા અનોખા દર્શનથી જ્યારે હૃદય હળવુંફૂલ અનુભવાય છે ત્યારે મનને ભારે આનંદ થાય છે.ઘણીયે વાર આવા દર્શન કર્યાં પછી મૂર્તિ પાસેથી હઠવાનું મન થતું નથી. પણ વ્યવસ્થાને માન આપી બીજા ખરા શ્રધ્ધાળુઓ માટે જગ્યા કરી આપું છું. બીજા દ્વારે ગયો, ત્યાં પણ એવું અદભૂત અને મનોહર દર્શન. ત્રીજે દ્વાર પણ એવાં જ દર્શનની લ્હાણી. ફરી મુખ્ય દ્વારે આવ્યો . વ્યવસ્થાપકે મને પાછો અંદર ધકેલ્યો. હું રાજી થઈ બધા દ્વારની બીજી મુલાકાત લઈ આવ્યો. મનને હજી સંતોષ થતો ન હતો. હું ત્રીજી વાર બધી મૂર્તિના દર્શન કરી આવ્યો. આમ જુવો તો એક જ મૂર્તિ છે પણ એના ચારે દિશામા ચાર મુખ છે જેના જુદા જુદા દ્વારથી દર્શન થાય છે. ત્રણ વાર દર્શન કરીને હૃદય આનંદથી છલકાઈ ગયું. આ અનુભવ ભૂલ્યો ભૂલાય તેમ નથી.

જ્યાં સુધી મંદિરના પરિસરમાં હતો ત્યાં સુધી એકે ફોટો પાડવાનો વિચાર જ ના આવ્યો. મંદિરના દરવાજાની બહાર નીકળ્યો કે તરત કેમેરો સાંભળ્યો. દરવાજાના અને તેની ઉપર કોતરેલી તથા ચિતરેલી છબીઓના બેત્રણ ફોટા પાડ્યા. વાઘમતી નદી કાંઠે ઉપરવાસમાં ગયો ત્યારે એક ક્ષણ પૂરતો ફોટા પાડવાનો વિચાર આવ્યો હતો પણ આ સંસાર છોડી જતા માનવોના ફોટા શું કામ પાડવા એવો ખ્યાલ આવ્યો, જેનો ચિત્તે તુરત સ્વીકાર કર્યો હતો. જો કે મારા મનોજગતમાં એ દ્રશ્યબરાબરનું છપાઈ ગયું છે. આજુબાજુની દુકાનો નિહાળતો બરાબર પંદર મિનિટમાં હું વિરામસ્થળે પાછો ફર્યો ત્યારે મંદિર બહાર મળતી ગળામાં પહેરવાની માળાઓ ખરીદવા ગયેલા સાથીઓ હજુ પરત આવ્યા ન હતા. એથી થોડીક વધારે નિરાંત થઈ.

વહેલી સવારે જ્યારે હું એકલો એકલો મંદિર તરફ જઈ રહ્યો હતો ત્યારે મનમાં શ્રી પશુપતિનાથ ભગવાનનું સ્મરણ ચાલુ હતું. શ્રી પશુપતિનાથની કોઇ મૂર્તિ કે ચિત્ર આજલગી ભાળ્યા ન હતા તો પછી એમનું કોઇ ભજન , ગીત કે આરતી જેવું ક્યાંથી સાંભળ્યું હોય ? મનમાં અનાયાસ જ " જય પશુપતિનાથા, પ્રભુ જય પશુપતિનાથા" , એવા શબ્દો આવી ચડ્યા. બેત્રણ વાર એ પંક્તિ બોલ્યા પછી બીજી લાઈન ગોઠવવા ઘણો પ્રયત્ન કર્યો, તો " તારે ચરણે આવ્યાં મૂકવા અમ માથા" એવો પ્રાસ બેસતો લાગ્યો. પછી તો આખી વાત જ ભૂલાઈ ગઈ . જ્યારે આ લેખ લખવા બેઠો ત્યારે ફરી એની સ્મૃતિ થઈ . પરંતું પાછળની પંક્તિઓ બદલાઈ ગઈ. અરે, આખી આરતી લખાઈ ગઈ. આમાં શિવાનંદ સ્વામી જેવો ભક્તિભાવ તો ક્યાંથી આવે ? ધર્મગ્રંથોની જાણકારી તો આપણામાં હોય નહીં એટલે એટલે ફૂવામાં હોય તેવું અને તેટલું જ હવાડામાં આવે ને ? એટલે જેવી અધકચરી આરતી મે લખી છે તે આ સાથે રજૂ કરું છું. જેને મેં શ્રી પશુપતિનાથ ભગવાનના ચરણોમાં મૂકેલા બે ફૂલ ગણી સહી લેજો.

જય પશુપતિનાથા ,પ્રભુ જય પશુપતિનાથા,
તુજ ચરણમાં મૂકવાં દર્પભર્યાં માથા;- જય પશુપતિનાથા

અનુસંધાન પાના નં. ૭ પર

લોકો તમારી સાથે નહીં પણ તમારી 'સ્થિતિ' સાથે હાથ મિલાવે છે

લાગણીનો મેળો
રસિક વાળંદ

જ્ઞાની કે અજ્ઞાનીજન સુખ-દુ:ખ રહિત ન કોઈ,
જ્ઞાની ધૈર્યથી ભોગવે, મૂરખ ભોગવે રોઈ

●●●

મહાભારતનું યુદ્ધ પૂરું થયું અને ભગવાન શ્રીકૃષ્ણ પરત ફર્યા... પૂછ્યું; 'હે' માધવ, યુદ્ધમાં ગુરુ દ્રોણ અને ભિષ્મ પિતામહ જેવા જ્ઞાની, પુણ્યશાળી અને મહાન યોદ્ધાઓને દગાથી મારવામાં તમે કેમ સહભાષી બન્યા ? એમની મહાનતાની કોઈ ગરિમા નહીં ? એમની સારપનું કોઈ મૂલ્ય નહીં ? આ પાપ તમે કેમ થવા દીધું ?

પ્રથમ તો ભગવાન શ્રીકૃષ્ણ મૌન રહ્યા અને ફક્ત સ્મિત વેર્યું પણ રુકમણિએ લીધી વાત મૂકી નહીં બસ ફરી ફરી આ જ પ્રશ્ન પૂછવા લાગ્યા. ત્યારે શ્રીકૃષ્ણ બોલ્યા : 'હે પ્રિયા ! એ બંનેની મહાનતા અને સારપ વિશે કોઈ શંકા નથી પણ એ બંને એ જીવનમાં ફક્ત એક જ એવું પાપ કર્યું હતું કે જેના કારણે એમની આખી જિંદગીની તમામ સારપ અને પુણ્ય કર્મો ધોવાઈ ગયા.'

રુકમણિ : કયું પાપ નાથ ?

શ્રીકૃષ્ણ : હે દેવી ! એ બંને સભામાં ઉપસ્થિત હતા કે જયાં દ્રૌપદીની લાજ લૂંટવાની કોશિશ થઈ... એ બંને એ ઘટના રોકવા બધી જ રીતે સક્ષમ હતા પણ એમને મૂંગા રહીને જોયા કર્યું. જે સારાપણું એક નારીનું અપમાન થતું રોકી ન શકે તે શું કામનું?

આ એક જ પાપ એ બંનેની તમામ શ્રેષ્ઠતાને ધોઈ નાખવા માટે પૂરતું હતું.

રુકમણિ : 'એ સાચું સ્વામી... પણ કર્ણનું શું? એક શ્રેષ્ઠ મિત્ર, મહાપરાક્રમી અને મહાદાનેશ્વરી કર્ણનો શું દોષ હતો ? જેણે પોતાની માતા કુંતીને પણ અર્જુન સિવાય કોઈ પણ પાંડવને ન મારવાનું વચન આપ્યું. ઈન્દ્રને પણ દાનમાં કવચ કુંડળ આપી દીધા એવા મહાન દાતાને કયા પાપે માર્યો ?'

શ્રીકૃષ્ણ : મહારાણી, જયારે સાત સાત મહારથીઓ સામે સફળતાપૂર્વક એકલે હાથે લડીને મહાવીર અભિમન્યુ નીચે પડી ગયો અને સાવ મૃત્યુની સમીપ હતો ત્યારે તેણે અસીમ આશાથી પાસે જ ઊભેલા કર્ણ પાસે પીવાનું પાણી માગ્યું, તેને શ્રદ્ધા હતી કે, દુશ્મન હોવા છતાં મહાન દાનેશ્વરી કર્ણ તેને જરૂર પામી આપશે... પણ.. પણ... પોતાની પાસે જ ચોખ્ખા મીઠા પાણીનો ઝરો હોવા છતાં ફક્ત પોતાનો મિત્ર દુર્યોધન નારાજ ન થાય તે કારણે કર્ણ એ મરતા અભિમન્યુને પાણી ન આપ્યું અને એ બળયોદ્ધો તરસ્યો જ મરી ગયો.

હે રુકમણિ આ એક જ 'પાપ' એના જીવન આખા દરમિયાનના દાનથી મળેલા પુણ્યને નષ્ટ કરવા... ભૂંસી નાખવા માટે પૂરતું હતું અને કાળની અકળગતિ જુઓ કે એ જ પાણીના ઝરણાના કાદવમાં એના રથનું પૈડું ફસાયું અને એના મૃત્યુનું કારણ બન્યું.

આ જ છે કર્મનો સિદ્ધાંત....

દોસ્તો, કોઈને કરેલા અન્યાયની એક જ પળ જીવન આખાની પ્રામાણિકતાનો છેદ ઉડાડી મૂકે છે.

સગવડતા, સરળતા હોય ત્યારે...

અછત ન હોય ત્યારે...

કીર્તિ કમાવાના હેતુથી, દંભ અને અહંકાર પોષવા, સ્વાર્થપૂર્વક અયોગ્ય સમયે કોઈને ખુશ કરવા માટે કરેલા કાર્યનું કોઈ જ ફળ નથી મળતું, અને જો કાદવ ફળ મળતું હોય તો પણ ફક્ત એક જ અયોગ્ય પાપ કર્મથી તમામ સંચિત ફળને નિષ્ફળ જવામાં એક ક્